સત્ય, નિડર અને નિષ્પક્ષ અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

# કર્ણાવતી મેટ્રો

KARNAVATI METRO DAILY

RNI No. : GUJGUJ/2011/40646 ★ વર્ષ-૯ ★ અંક-૮૯ ★ તા. ૨૬-૦૧-૨૦૨૦ ★ રવિવાર ★ પાના-૪ ★ કિંમત રૂા. ૧-૦૦ ★ વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : મનોજ પ્રજાપતિ, - કાર્યાલય : ૫૬, કાપડીયા એસ્ટેટ માર્કેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ. મો. : ૮૭૫૮૨૦૬૩૭૧ Email:karnavtimetro1@yahoo.in ★ ન્યાય ક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે

નાગરિક સુધારા કાનૂનને લઈને શિવસેનાએ વલણ સ્પષ્ટ કર્યું

# પાક મુસ્લિમ ઘુસણખોરોને દેશની બહાર કરવા શિવસેનાની માંગણી

## મહારાષ્ટ્રમાં નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ સીએએનું સમર્થન કર્યા બાદ શિવસેનાનું નિવેદન : રાજ ઠાકરેને હિન્દુત્વ રાજનીતિથી કંઈ નહીં મળે

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રમાં શિવસેનાએ આજે નાગરિક સુધારા કાનૂનને લઈને પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. પાર્ટીએ કહ્યું છે કે, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા મુસ્લિમ ઘુસણખોરોને દેશની બહાર કરવાની જરૂર છે. આ પહેલા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ પણ સીએએના સમર્થનમાં વાત કરી હતી અને ૯મી ફેબ્રુઆરીના દિવસે કાનૂનના સમર્થનમાં માર્ચ યોજવાની જાહેરાત કીર હતી. રાજ ઠાકરેના આ પગલા બાદ શિવસેનાએ પોતાના મુખપત્ર સામના મારફતે તેમના પર પ્રહાર કર્યા છે. સામનામાં જણાવવામાં આવ્યું છે કે, એક મહિના પહેલા રાજ ઠાકરે સીએએને લઈને અલગ વલણ રાખી રહ્યા હતા અને હવે અલગ વલણ અપનાવી રહ્યા છે. તેઓ આને મંદી જેવા મહત્વના મુદ્દાથી લોકોના ધ્યાનને અન્યત્ર દોરવા માટે ચાલ રમી રહ્યા છે. હવે રાજ ઠાકરે પોતાના નિવેદનથી ગુલાંટ મારી ગયા છે. સીએએના સમર્થનમાં હવે રેલી યોજી રહ્યા છે. શિવસેનાએ ઠાકરેને ટાર્ગેટ ઉપર લેતા કહ્યું છે કે, બે ધ્વજને એક સાથે જાળવવાની બાબત દુવિધાભરી માનસિકતા દર્શાવે છે. ગુરુવારના દિવસે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ પાર્ટીના નવા ધ્વજ લોંચ કરવાની જાહેરાત કરી હતી. આ ધ્વજમાં ભગવા રંગ દેખાઈ આવે છે. આમા શિવાજી સમય ગાળાની ચલણનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શિવસેનાએ રાજ ઠાકરે પર પ્રહાર કરતા કહ્યું છે કે, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા મુસ્લિમ ઘુસણખોરોને દેશની બહાર કરવા જોઈએ. સામનામાં શિવસેનાએ કહ્યું છે કે, રાજ ઠાકરેએ ૧૪ વર્ષ પહેલા મરાઠી મુદ્દાઓને લઈને પાર્ટી બનાવી હતી અને તેઓ હિન્દુત્વના મુદ્દા ઉપર આવી રહ્યા છે પરંતુ બાબા સાહેબ અને સાવરકરના હિન્દુત્વનો અદા કરવાની બાબત બાળકોની રમત નથી. શિવસેનાએ કહ્યું છે કે, અમે પણ મોટા મનના છીએ. હિન્દુત્વવાદી વલણ અપનાવનારનું સ્વાગત કરીએ છીએ. શિવસેનાએ કહ્યું છે કે, મરાઠી મુદ્દા ઉપર પાર્ટીએ પહેલાથી જ ખુબ કામ કર્યું છે જેથી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને પ્રજા તરફથી કોઈ જવાબ મળી રહ્યો નથી. હવે હિન્દુત્વની રાજનીતિથી પણ રાજ ઠાકરેને કંઈ મળશે નહીં. કારણ કે, શિવસેનાએ હિન્દુત્વ માટે પણ ઘણા કામ કરેલા છે. પાર્ટીએ કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને એનસીપીની સાથે મળીને સરકાર બનાવવામાં આવી છે. આનો મતલબ એ નથી કે, પાર્ટીએ પોતાની હિન્દુત્વની વિચારધારાને છોડી દીધી છે.

### અંક બંધ

કર્ણાવતી મેટ્રો દૈનિક તા. ૨૬-૧-૨૦૨૦ રવિવારના રોજ રજા પાળશે તેથી ૨૭-૧-૨૦૨૦ સોમવારનો અંક બંધ રહેશે. તા. ૨૮-૧-૨૦૨૦ મંગળવારના રોજ કર્ણાવતી મેટ્રો દૈનિક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.

--તંત્રી

સાતમી માર્ચના દિવસે સત્તામાં ૧૦૦ દિવસ પૂર્ણ

# હવે ઉદ્ધવ ઠાકરે સાતમી માર્ચે અયોધ્યા જશે : કાર્યક્રમ તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સત્તામાં આવ્યા બાદ ૧૦૦ દિવસ પૂરા કરવાના પ્રસંગે ૭મી માર્ચના દિવસે અયોધ્યા પહોંચશે જ્યાં રામ લલ્લાના દર્શન કરીને આશીર્વાદ લેશે. શિવસેનાના પ્રવક્તા સંજય રાવતે આજે માહિતી આપતા કહ્યું હતું કે, માર્ચમાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં સરકાર ૧૦૦ દિવસ પુરા કરી રહી છે. સાતમી માર્ચના દિવસે ઉદ્ધવ ઠાકરે અયોધ્યા જનાર છે. આ પહેલા રાવતે કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીને પણ અયોધ્યા માટે આમંત્રણ આપ્યું હતું. ભાજપ દ્વારા રાહુલ ગાંધીને અયોધ્યા લઈ જવાની વાત થઈ રહી છે તે અંગે પૂછવામાં આવતા રાહતે કહ્યું હતું કે, ભાજપના નેતા જમ્મુ કાશમીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીને અયોધ્યામાં લઈ જવાની હિંમત કરી શકે નહીં. હિન્દુત્વના મુદ્દા ઉપર ક્યારે એક સાથે આગળ વધનાર શિવસેનાના ભાજપ સાથે સંબંધ તુટી ચુક્યા છે. ઉદ્ધવ ઠાકરેની આ યાત્રા એવા સમયે થઈ રહી છે જ્યારે રાજ ઠાકરે ભગવા રંગમાં રંગાઈ રહ્યા છે. છેલ્લી લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપ અને વડાપ્રધાન મોદી સામે પ્રચાર કરનાર રાજ ઠાકરેએ નાગરિક સુધારા કાનૂન તથા એનઆરસીનો બચાવ કર્યો છે. રાજ ઠાકરેના નિવેદનથી શિવસેનાની ચિંતા વધી છે. તમામ લોકો જાણે છે કે, રામ મંદિરના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવી ગયા બાદ ઉદ્ધવ ઠાકરેએ જાહેરાત કરી હતી કે, તેઓ અયોધ્યા જશે પરંતુ હજુ સુધી જઈ શક્યા નથી. શિવસેનાએ કોંગ્રેસ અને એનસીપીના સરકાર સાથે મહારાષ્ટ્રમાં સરકાર બનાવી છે. ઉદ્ધવ ઠાકરે દ્વારા ૨૮મી નવેમ્બર ૨૦૧૯ના દિવસે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમની સરકાર માર્ચ મહિનામાં ૧૦૦ દિવસ પુરા કરી રહી છે. ૯મી નવેમ્બર ૨૦૧૯ના દિવસે અયોધ્યા વિવાદમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો હતો. જો કે, રાજ્યમાં ઝડપથી બદલાઈ રહેલા રાજકીય ઘટનાક્રમ વચ્ચે ઉદ્ધવ ઠાકરે દ્વારા યાત્રા ટાળવામાં આવી હતી. જૂન મહિનામાં ઉદ્ધવે પોતાના પાર્ટીના સાંસદો સાથે અયોધ્યા ગયા હતા.

## રાહુલ ગાંધીને સાથે લઈ જવાને લઈ રાવતના તીવ્ર પ્રહાર

દયા અરજી ફગાવવાની સમીક્ષાની માંગ

# નિર્ભયા : મુકેશની સુપ્રીમ કોર્ટમાં ફરીથી અપીલ થઈ

નવી દિલ્હી, તા.૨૫

વર્ષ ૨૦૧૨માં નિર્ભયા હત્યા અને ગેંગરેપ કેસમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા અપરાધીઓ પૈકીના એકે આજે શનિવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં ફરીવાર અપીલ કરી હતી. સાથે સાથે રાષ્ટ્રપતિ દ્વારા દયાની અરજી અસ્વિકાર કરવાના નિર્ણયની જ્યુડિશિયલ સમીક્ષા કરવાની માંગ કરી હતી. ૧૭મી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ૩૨ વર્ષીય મુકેશકુમાર સિંહની દયાની અરજીને અસ્વિકાર કરી દીધી હતી. તેના દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં અનેક પ્રકારની દલીલો કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં ચુકાદાની દ્રષ્ટિએ દયાની અરજી ફગાવી દેવાના મામલાની જ્યુડિશિયલ રિવ્યુ માટે કલમ ૩૨ હેઠળ એક અરજી દાખલ કરવામાં આવી હતી. શત્રુઘન ચૌહાણ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની દ્રષ્ટિએ દયાની અરજી અસ્વિકારના મામલામાં જ્યુડિશિયલ સમીક્ષા અરજી અગાઉ કરવામાં આવી હતી. હવે આને લઈને પણ સુપ્રીમ કોર્ટના અભિપ્રાય લેવામાં આવનાર છે. એકંદરે ફાંસીને ટાળવાના પ્રયાસો થઈ રહ્યા છે.



દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. પરેડની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે.

# આંધ્રપ્રદેશ : કે-૪ પરમાણુ મિસાઈલનુ સફળ પરીક્ષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વિશાખાપટ્ટનમ,તા. ૨૫

ભારતે સબમરીનથી ઝીંકવામાં આવતી બેલાસ્ટિક મિસાઈલ કે-૪નુ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેથી વધુ એક પરીક્ષણ કરવામાં આવ્યુ છે. એક પછી એક બે સફળ પરીક્ષણ બાદ ભારતે દુશ્મન દેશના પરમાણુ હુમલા બાદ પોતાના જવાબી હુમલાની ક્ષમતામાં અનેક ગણો વધારો કરી લીધો છે. આશરે ૩૫૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવનાર આ મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ ભારતની તાકાતમાં પણ અનેક ગણો વધારો થઈ ગયો છે. આ મિસાઈલની હદમાં સમગ્ર પાકિસ્તાન અને અડધાથી વધુ ચીનના હિસ્સા આવી ગયા છે. ન્યુક્લિયર બોમ્બ લઈ જવામાં સક્ષમ કે-૪ મિસાઈલ સ્વદેશી ટેકનિકથી બનાવવામાં આવી રહી છે. આ મિસાઈલ પરમાણુ સબમરીન અરિહંતમાં ગોઠવવામાં આવનાર છે. કે-૪ અને બ્રહ્મોસની જોડીથી હવે ભારત પોતાના દુશ્મનોને યોગ્ય જવાબ આપવા માટે તૈયાર છે. આ સફળ પરીક્ષણ બાદ ભારત ન્યુક્લિયર ટ્રાયડની દિશામાં એક પગલુ રહેલુ છે. ભારતને હવે ન્યુક્લિયર ટ્રાયડ એટલે જમીન, હવા અને દરિયામાં પ્રહાર કરી શકે છે. કોઈ પણ જગ્યાએ પરમાણુ મિસાઈલ ઝીંકવાની ક્ષમતા છે. પાણીની નીચે સબમરીનથી ઝીંકવામાં આવેલી મિસાઈલો પરમાણુ હુમલા થવાની સ્થિતીમાં જવાબી હુમલા માટે સૌથી સારા હથિયાર તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૧૯૯૮માં પરમાણુ બોંબનુ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ ભારત ન્યુક્લિયર ટ્રાયડની ક્ષમતા વિકસિત કરવા પર કામ કરી રહ્યુ છે. પરમાણુ સબમરીન મહિનાઓ સુધી પાણીની અંદર રહેવામાં સક્ષમ છે. જેના પરિણામ સ્વરુપે આ સબમરીન દુશ્મનના જાસુસી સેટેલાઈટ અથવા તો બાજ નજર રાખનાર વિમાનોમાં પણ દેખાતી નથી. દુશ્મનોને પરમાણુ સબમરીનની યોગ્ય સ્થિતિની માહિતી પણ મળતી નથી જેથી પરમાણુ સબમરીનને ટાર્ગેટ બનાવવામાં મુશ્કેલી પડે છે. ભારતની પ્રથમ સ્વદેશી નિર્મિત સબમરીન આઈએનએસ અરિહંતને ઓગસ્ટ ૨૦૧૬માં નેવીની સેવામાં સામેલ કરવામાં આવી હતી. આઈએનએસ અરિહંત ૮૩ મેગાવોટ ક્ષમતાવાળા લાઈટરવોટર રિએક્ટરથી ચાલે છે. આના ટ્રાયલ ડિસેમ્બર ૨૦૧૪થી ચાલી રહ્યા હતા. આ સબમરીન પર હાલની કે-૧૫ સબમરીન લોન્ચ્ડ બેલાસ્ટિક મિસાઈલ તૈનાત કરવામાં આવી છે જેની ક્ષમતા ૭૫૦ કિલોમીટરની છે.

કે-૪ના સફળ પરીક્ષણ બાદ ભારત હવે એવા છ દેશોની ક્લબમાં સામેલ થઈ ગયું છે જે દેશોની પાસે જમીન, હવા અને પાણીની અંદરથી મિસાઈલો ઝીંકવાની ક્ષમતા રહેલી છે. પાકિસ્તાન અને ચીન પણ હવે ભારતના સકંજામાં આવી ગયા છે. આ મિસાઈલની ક્ષમતા ૩૫૦૦ કિલોમીટ સુધીની રહેલી છે. ડીઆરડીઓ હવે ૫૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકી શકે તેવી કે-૫ મિસાઈલના વિકાસ ઉપર કામ કરી રહ્યું છે.

શાહીન બાગને તેઓ તૌહીન બાગ કહેશે : સંબિત પાત્રા

# શાહીન બાગમાં પ્રદર્શન નામે દેશના ટુકડા કરવાનું ષડયંત્ર

## રાહુલ અને અરવિંદ કેજરીવાલ શાહીન બાગમાં પ્રદર્શનને સમર્થન આપી ચુક્યા છે : જેહાદની અપીલો થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૨૫

આસામનો ભારતથી અલગ કરી દેવામાં આવશે તેવા વાયરલ વિડિયો ઉપર રાજનીતિ તીવ્ર બની ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ આ વિડિયોને શાહીન બાગ તરીકે ગણાવીને દાવો કર્યો છે કે, ત્યાં ભારતના ટૂકડા કરવા માટેના કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. ભાજપ તરફથી સંબીત પાત્રાએ આજે પત્રકાર પરિષદ યોજીનો જોરદાર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, દેખાવોની જગ્યા શાહીન બાગ નથી બલ્કે દિશાહિન બાગ છે, તૌહીન બાગ છે. સંબીત પાત્રાએ રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલ ઉપર પણ પ્રહાર કર્યા હતા.

આ પ્રસંગે સંબીત પાત્રાએ એક કવિતા પણ સંભળાવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, હાથમાં તિરંગા છે પરંતુ મનમાં રમખાણના ઈરાદા છે. મહિલાઓની આડમાં નફરત ફેલાવવામાં આવી રહી છે. દરેક શહેરમાં લાલચોકની વાત થઈ રહી છે. સાથે સાથે પાકિસ્તાનની તરફેણ કરનારનો ટેકો આપવામાં આવે છે. શાહીન બાગની ટિકા કરતા સંબિત પાત્રાએ કહ્યું હતું કે, આ પ્રકારના લોકોનો ઈરાદો કત્લેઆમ કરવા, માર્ગો ઉપર ચક્કાજામ કરવાના રહેલા છે. શાહીનબાગમાં પ્રદર્શનના નામ ઉપર ભારતના ટુકડા કરવાના કાવતરા રચાઈ રહ્યા છે. ત્યાં ખુલ્લીરીતે આગની ઘટનાઓ, ખુલ્લામાં જેહાદની અપીલ કરવામાં આવી રહી છે. આસામને અલગ કરવાની વાત થઈ રહી છે. પાત્રાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલે શાહીનબાગનું ખુલ્લીરીતે સમર્થન કર્યું હતું. હવે આ બંનો નેતાઓનો સામે આવીને નિવેદનબાજી કરવી જોઈએ. સોશિયલ મિડિયા ઉપર એક વિડિયો વાયરલ થઈ રહ્યો છે. વિડિયોમાં દેખાઈ રહેલા શખ્સાોનો સરજિલ ઈમામ કહેવામાં આવી રહ્યા છે જે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે છે. આ શખ્સ વિડિયોમાં પૂર્વોત્તર અને આસામનો ભારતના નકશાથી દૂર કરી દેવાની વાત કરે છે. વિડિયો વાયરલ થયા બાદ આસામ સરકાર પણ એકશનમાં આવી ગઈ છે. આસામના મંત્રી હેમંત બિશ્વાએ કહ્યું છે કે, શાહીન બાગ પ્રદર્શનના મુખ્ય આયોજક સરજિલ ઈમામે કહ્યું છે કે, આસામનો બાકી ભારતના હિસ્સાથી અલગ કરી દેવામાં આવશે. રાજ્ય સરકારે આ બાબતની ગંભીર નોંધ લીધી છે. તેમની સામે કેસ દાખલ કરવાની પ્રક્રિયા પણ ટૂંકમાં જ હાથ ધરવામાં આવનાર છે. શાહીન બાગમાં વિરોધ પ્રદર્શનનો દોર એવા સમયે જારી છે જયારે પ્રજાસત્તાક દિવસની ઉજવણી આવતીકાલે દેશભરમાં કરવામાં આવનાર છે. નાગરિક સુધારા કાનૂનના સમર્થનમાં અને વિરોધમાં જોરદાર વિરોધ પ્રદર્શન હાલમાં જારી છે.

કેરળ અને પંજાબ બાદ ત્રીજુ રાજ્ય બની ગયું

# રાજસ્થાન વિધાનસભા ગૃહમાં CAA વિરોધી પ્રસ્તાવ પસાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

જયપુર, તા. ૨૫

નાગરિક સુધારા કાનૂનની સામે પ્રસ્તાવ પાસ કરનાર રાજસ્થાન દેશમાં ત્રીજુ રાજ્ય બની ગયું છે. આ પહેલા કેરળ અને પંજાબ વિધાનસભામાં પણ આ કાનૂનની સામે પ્રસ્તાવ પાસ કરવામાં આવી ચુક્યા છે. મમતા બેનર્જીના નેતૃત્વમાં બંગાળ સરકાર પણ આ કાનૂનની સામે ટૂંક સમયમાં જ પ્રસ્તાવ લાવનાર છે. આ ઉપરાંત અન્ય કોંગ્રેસ શાસિત રાજ્યો પણ આ કાનૂનનો વિરોધ કરી રહ્યા છે. તેઓ પણ ટૂંક સમયમાં જ આની સામે પ્રસ્તાવ લાવી શકે છે. કોંગ્રેસ પાર્ટી શરૂઆતથી જ આ કાનૂનને લઈને વિરોધ પ્રદર્શન કરતી રહી છે. કોંગ્રેસ શાસિત રાજ્યોએ આ કાનૂનને લાગૂ કરવાનો ઈન્કાર કરી દીધો છે. આ દિશામાં પ્રથમ પગલું કેરળની લેફ્ટ સરકારે ઉઠાવ્યું છે. લેફ્ટ સરકારે રાજ્યની વિધાનસભામાં આ કાનૂનની સામે પ્રસ્તાવ પાસ કર્યો હતો ત્યારબાદ કેપ્ટન અમરિન્દરસિંહના નેતૃત્વમાં પંજાબ સરકારે પણ આ કાનૂનની સામે પ્રસ્તાવ પાસ કર્યો હતો. અત્રે નોંધનીય છે કે, નાગરિક સુધારા કાનૂન હેઠળ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આવેલા છ ધર્મના શરણાર્થીઓને નાગરિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, નાગરિકતા માત્ર એ લોકોને જ આપવામાં આવશે જે ધાર્મિક અત્યાચારનો સામનો કરી ચુક્યા છે અને ધાર્મિક અત્યાચારનો સામનો કર્યા બાદ ભારત આવી રહ્યા છે. સાથે સાથે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ના પહેલાથી ભારત આવેલા લોકોનો નાગરિકતા આપવાના નિયમો બનાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીના આરોપ છે કે, સરકાર ધાર્મિક આધાર પર નાગરિકતા આપી રહી છે જે બંધારણની સામે છે. નાગરિક કાનૂનને લઈને દેશના જુદા જુદા ભાગોમાં જોરદાર વિરોધ પ્રદર્શન જારી છે. ટૂંક સમયમાં જ અન્ય રાજ્યો પણ નાગરિક સુધારા કાનૂનને લઈને વિરોધ પ્રદર્શન કરી શકે છે.

## તંત્રી લેખ.....

### પ્રજાસત્તાક દિન વિષે થોડું જાણવા જેવું

ભારતમાં દર વર્ષે ૨૬ મી જાન્યુઆરી એ પ્રજાસત્તાક દિન ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ દેશની સાર્વભૌમત્વ (સર્વોપરિતા) નું પ્રતિક છે. કારણકે આ દિવસે વર્ષ ૧૯૫૦ માં ભારતના બંધારણ ને અપનાવવામાં આવ્યું હતું. આ દિવસને ઉજવવાની સૌથી ખાસ રીત એ પ્રજાસત્તાક દિન ની પરેડ છે, જે દેશની રાજધાની નવી દિલ્લી માં યોજાય છે.

પ્રજાસત્તાક દિન નું મહત્વ

પ્રજાસત્તાક દિન એટલા માટે ઉજવવામાં આવે છે કારણકે આ દિવસે ભારત એક લોકશાહી પ્રજાસત્તાક બન્યું હતું. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ માં ભારતના બંધારણને લાગુ કરવામાં આવ્યું. જયારે ભારતના રોયલ દસ્તાવેજ ને ભારતના અધિનિયમ ૧૯૩૫ થી બદલવામાં આવ્યું હતું.

★ આ દિવસ નું મહત્વનું એટલા માટે પણ છે કે આ દિવસે ભારતીય સ્વતંત્રતા એટલે કે પૂર્ણ સ્વરાજની જાહેરાત 'ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે' ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ માં કરી હતી.

★ ભારતે પોતાનો પહેલો પ્રજાસત્તાક દિવસ વર્ષ ૧૯૫૦ માં મનાવ્યો હતો.

પ્રજાસત્તાક દિન કેવી રીતે ઉજવવામાં આવે છે?

રાજધાની માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા માટે પહેલાથી જ ભારતીય સરકાર દ્વારા સારો પ્રયત્નોની સાથે કાર્યક્રમો અને ઉત્સવ યોજાય છે. રાજયોની રાજધાની સાથે જ નવી દિલ્હીના રાજપથ પર એક મોટી અને ગ્રાન્ડ (ભવ્ય) પરેડ આયોજિત કરવામાં આવે છે. પરેડમાં પરંપરાગત નૃત્ય સમૂહ, જળ સેના, વાયુ સેના (એર ફોર્સ) અને થળ સેના (આર્મી) ભાગ લે છે.

★ નવી દિલ્હીમાં રાખેલ પરેડને ખાસરીતે શરૂઆત કરવામાં આવે છે. ઈન્ડિયા ગેટના અમર જયોતિ, જવાન પર ભારતીય વડાપ્રધાન દ્વારા પુષ્પમાળા ની ભેટ કરવામાં આવે છે. આપણા દેશની રક્ષા કરતા ભારતીય ભૂમિસેના ના સૈનિકોના બધા બલિદાનોને યાદ કરવા માટે આવું કરવામાં આવે છે.

★ રાજધાની માં પરેડ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સેનાની સલામતી લેવામાં આવે છે જયારે રાજ્યોમાં રાજ્યપાલ દ્વારા સેનાની સલામતી લેવામાં આવે છે. આ ખાસ અવસરે રાજયના પ્રમુખ રાષ્ટ્રપતિ મુખ્ય અતિથી બને છે.

ગણતંત્ર દિવસનો ઈતિહાસ પણ રોમાંચક છે. ભારતીય બંધારણ સભા દ્વારા ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિવસે અપનાવવામાં આવ્યું હતું. જેને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે લાગુ કરાયું હતું. ડૉ.ભીમરાવ આંબેડકર દ્વારા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસમાં સંપૂર્ણ બંધારણને આકાર આપી દેશને સમર્પિત કર્યું હતું. ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે. જેને આકાર આપવા માટે બંધારણ સભાના અધ્યક્ષ બાબ સાહેબ, જવાહરલાલ નેહરુ, ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભ ભાઈ પટેલ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ સહિતના મહાનુભાવો પ્રમુખ સદસ્ય હતા. ૨૬ જાન્યુઆરીને દેશ પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવા માટે જઈ રહ્યો છે અને તેની સૌથી મોટી ઉજવણી દિલ્હી ખાતે થઈ જવા રહી છે.

૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો. અંગ્રેજોએ ભલે તેને સત્તાંતરણ તરીકે ઓળખાવ્યું હોય પણ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે આપણા દેશભક્તોએ ખૂબ લાંબો 'ને કઠિન સંઘર્ષ કર્યો હતો. આ સંઘર્ષનો એક મહત્ત્વપૂર્ણ પડાવ હતો ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦નો દિવસ, જ્યારે કોંગ્રેસના લાહોર અધિવેશનના નિર્ણય અનુસાર દેશે પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા લીધી. ૨૬ જાન્યુઆરીએ આપણે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરીએ છીએ, જે એક મહાન રાષ્ટ્રીય પર્વ છે. રાષ્ટ્રએ ગુલામીમાંથી પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિના લક્ષ્યની જાહેરાત કરી હતી. ત્યાર બાદ ગાંધીજીના સત્યાગ્રહ આંદોલન અને દાંડી યાત્રાનો આરંભ થયો. એ જ અરસામાં મહાત્માજીએ મીઠાના સત્યાગ્રહની ઘોષણા પણ કરી. તેમણે ગુજરાતના સાબરમતી આશ્રમથી દાંડીની પ્રેરણામયી અને પુનિત યાત્રાની શરૃઆત કરી. તેમણે જાહેરાત કરી કે તેઓ દાંડીના સમુદ્રતટ પર જઈને મીઠાના કાયદાનું ઉલ્લંઘન કરશે અને એ સાથે જ નમક સત્યાગ્રહનો આરંભ કરશે.મહાત્માજી સેંકડો કિલોમીટરની યાત્રા કર્યા બાદ કેટલાય દિવસો પછી દાંડી પહોંચ્યા.

તેમની સાથે યાત્રા કરનારા લોકોમાં સાબરમતી આશ્રમના કેટલાક લોકો અને અન્ય કેટલાક સત્યાગ્રહીઓ પણ સામેલ હતા. આ ઐતિહાસિક યાત્રા રાષ્ટ્ર માટે સંજીવની બુટી સમાન સાબિત થઈ. મહાત્માજીનું એક એક ડગલું સમગ્ર રાષ્ટ્રમાં જોમ અને ઉત્સાહ ભરનારું સાબિત થતું રહ્યું. એ દિવસોમાં રાષ્ટ્ર બ્રિટિશ સરકાર સામે સંગ્રામની તૈયારી કરી રહ્યું હતું. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં તેની ચર્ચા થઈ અને એ સમયે ભારતમાં બધો વહીવટ અને કામકાજ સંભાળનારા મિ. હેનરીએ મહાત્માજીની યાત્રાની મજાક ઉડાવી અને કહ્યું કે ગુજરાતના સમુદ્ર કિનારે એક તમાશો થઈ રહ્યો છે. એ સમયે અંગ્રેજ સામ્રાજ્યવાદીઓની મનોદશા આવી હતી.

વર્ષ ૧૯૩૦ની મહાત્માજીની આ યાત્રાનો સંબંધ ૨૬ જાન્યુઆરી સાથે પણ છે. ૨૬ જાન્યુઆરી પાછળ એક લાંબી અને જીવન-પ્રેરણા પ્રદાન કરનારી એક મહત્ત્વપૂર્ણ જ્વલંત કહાણી છે. ૨૬ જાન્યુઆરીનો જન્મ લાહોરની કોંગ્રેસથી થયો જેનું નેતૃત્વ પં.જવાહરલાલ નહેરુએ કર્યું હતું. લાહોર કોંગ્રેસમાં જ પૂર્ણ સ્વાધીનતાનો પ્રસ્તાવ સ્વીકારાયો હતો, જેમાં એવું નક્કી થયું કે ૨૬ જાન્યુઆરીએ પૂર્ણ સ્વાધીનતાનો પ્રતિજ્ઞા પત્ર વાંચવામાં આવે અને દેશની જનતા આ પ્રતિજ્ઞા પત્રને દોહરાવે. લાહોર કોંગ્રેસમાં પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિનો પ્રસ્તાવ વર્ષ ૧૯૨૯ની ૩૧મી ડિસેમ્બરની રાત્રે ૧૨ વાગ્યે સ્વીકારવામાં આવ્યો. ૧૨ વાગ્યા બાદ પૂર્ણ સ્વાધીનતાની સ્વીકૃતિ રાવીના તટ પર પ્રસન્નતાપૂર્વક ખીલતી દીઠી. હજારો યુવાનો રાવીના તટ પર નાચતાં-ગાતાં અત્યંત પ્રસન્ન મુદ્રામાં ઉત્સાહપૂર્ણ જોવા મળી રહ્યા હતા. તેમણે તત્કાલીન અધ્યક્ષ પં.જવાહરલાલ નહેરુને પણ રાવીના તટે આમંત્રિત કર્યા. એ સમયે પંડિતજી એક સફેદ ઘોડા પર ચઢીને રાવીના તટે આવ્યા હતા. લાહોરમાં હાડ થીજાવી દેતી ઠંડી પડી રહી હતી. પં. નહેરુ કાળા રંગની શેરવાની પહેરીને સફેદ ઘોડા પર સવાર થઈને આવ્યા હતા.કોંગ્રેસ કાર્યસમિતિએ પૂર્ણ સ્વાતંત્ર્યની જે જાહેરાત કરી હતી તે જાહેરાત ૨૬ જાન્યુઆરીએ સાંજે ૪ વાગ્યે સમગ્ર દેશમાં વાંચવામાં આવી. આ ઘોષણા કાશીમાં વાંચવામાં આવી હતી.

---

### બ્રાઝિલિયન પ્રમુખ જેર મેસિઆસ મુખ્ય મહેમાન રહેશે

# સુરક્ષા વચ્ચે પ્રજાસત્તાક દિનની આજે ઉજવણી : વિશ્વની નજર

## ઐતિહાસિક રાજપથ-લાલકિલ્લા વચ્ચે પરેડના માર્ગ પર લોકોની ગતિવિધિ ઉપર નજર રાખવા ક્લોઝ સર્કિટ કેમેરા : પરેડ, મિસાઈલો આકર્ષણનુ કેન્દ્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, વડાપ્રધાન નરેન્દર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો રહેશે. વિપક્ષના તમામ નેતાઓ પણ હાજર રહેશે. આ વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં અને પરેડમાં જનજાતિ મહેમાન પણ આકર્ષણ જમાવશે. જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૨ ઝાંકીઓ તેમજ સ્કુલી બાળકો દ્વારા રજૂ કરવામાં આવનાર કાર્યક્રમ પણ આકર્ષણ જમાવશે. પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડિયા ગેટ સ્થિત અમર જવાન જ્યોતિ પર શહીદોને પુષ્પાજંલિ આપીને કરશે. વિકાસ પર આધારિત કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગની ઝાંકીઓ પણ આ વર્ષે આવતીકાલે આકર્ષણ જમાવશે. સાંસ્કૃતિક વિષય પર આધારિત કેટલીક ઝાંકીમાં લોકનૃત્ય પણ જોવા મળનાર છે. રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી ચુકેલા બાળકો પણ ખુલી જીપમાં બેસીને ઝાંકીમાં ભાગ લેનાર છે. આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડ આશરે ૯૦ મિનિટ સુધી ચાલનાર છે. આવતીકાલે રવિવારના દિવસે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં બ્રાઝિલિયન પ્રમુખ જૈર મેસિઆસ બોલસોનારો મુખ્ય મહેમાન બનનાર છે. ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે દક્ષિણ આફ્રિકાના પ્રમુખ ચીફ ગેસ્ટ તરીકે રહ્યા હતા. ૭૧માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે તેઓ ભારત આવી પહોંચ્યા છે. બ્રાઝિલિયન પ્રમુખની ભારત યાત્રાથી સાબિત થાય છે કે ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધ દિન પ્રતિદિન વધુને વધુ મજબુત બની રહ્યા છે. ભારતે ત્રીજી વખત બ્રાઝિલિયન નેતાને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કર્યા છે. અગાઉ ૧૯૯૬ અને ૨૦૦૪માં પણ બ્રાઝિલિયન નેતાને આમંત્રિત કર્યા હતા. બ્રાઝિલિયન પ્રમુખ સાથે સાત પ્રધાનો ભારત આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૬માં બ્રાઝિલિયન પ્રમુખ છેલ્લી વખત ભારત આવ્યા હતા.. આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં સુપરસોનિક ક્રુઝ મિસાઈલ,જમીનથી આકાશમાં પ્રહાર કર શકે તેવી મિસાઈલ રજૂ કરવામાં આવનાર છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત નારી શક્તિ દર્શાવવામાં આવનાર છે. જેના ભાગરૂપે બીએસએફની મહિલા ટીમ પણ નજરે પડનાર છે. મિસાઈલની સાથે સાથે અન્ય ઘાતક શસ્ત્ર પ્રણાલી પણ પ્રજાસત્તાક દિવસની પરેડમાં રજૂ કરવામાં આવનાર છે. દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તૈયારી હાલમાં ચાલી રહી હતી. આને લઈને દિલ્હીમાં ખાસ આયોજન કરવામાં આવી રહ્યુ છે. દિલ્હીમાં ભવ્ય લશ્કરી પરેડ પણ યોજાનાર છે. જુદા જુદા રાજ્યોના ટેબ્લો પણ મુખ્ય આકર્ષણ જમાવનાર છે. સાથે સાથે સેનાની ભવ્ય પરેડ આકર્ષણનુ કેન્દ્ર બનશે. આઈએસ અને અન્ય ત્રાસવાદી સંગઠનની હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને દિલ્હી એરપોર્ટ, મેટ્રો સ્ટેશનો, રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન તથા ધાર્મિક સ્થળો ખાતે ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. ઉત્તરપૂર્વમાં અનેક બળવાખોર સંગઠન સક્રિય છે. જેથી અહીં પણ વિશેષ સુરક્ષા રાખવામાં આવી છે. આસામ અને મણિપુરમાં ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. તમામ રાજ્યોમાં પોલીસ પેટ્રોલિંગ અને અન્ય પ્રકારની ચકાસણી મજબુત બનાવી દેવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, જમ્મુ-કાશ્મીર સહિત દેશના તમામ રાજ્યોમાં ઉજવણીને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. આતંકવાદી સંગઠનો તરફથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ખલેલ પહોંચાડવાની ચેતવણી આપ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સમગ્ર દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું છે. દેશના અન્ય રાજ્યોમાં પણ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યાં છે. દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. રિહર્સલનો દૌર ચાલી રહ્યો હતો. સઘન સુરક્ષા માટે જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો તૈનાત કરવામાં આવી છે. દિલ્હી લશ્કરી છાવણીમાં ફેરવાઇ ગયું છે. અધિકારીઓ દેશની લશ્કરી તાકાત અનો સાંસ્કૃતિક વિવિધતાને દર્શાવવાના આયોજન કરી ચૂક્યા છે.દિલ્હીમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઈને શહેરમાં અર્ધલશ્કરી દળો અને કર્મચારીઓ તથા એનએસજીના કમાન્ડો સહિત હજારો સુરક્ષા જવાન તૈનાત કરવામાં આવ્યાં છે. હવાઇ સુરક્ષાને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં વિમાની સેવા થોડા સમય માટે બંધ રાખવામાં આવશે. ગગનચુંબી ઈમારતોમાં પણ કમાન્ડો તૈનાત કરાયા છે. સૈકડો ક્લોઝ સર્કિટ કેમેરા રાજપથ અને લાલ કિલ્લા વચ્ચે પરેડના સ્થળો પર ગતિવિધિ પર નજર રાખવા ગોઠવી દેવામાં આવ્યા ંછે. મોબાઈલ ટીમો, વિમાનને ફુંકી મારવામાં સક્ષમ મિસાઈલો, તોપ, કમાન્ડો જુદી જુદી જગ્યાઓએ તૈનાત કરવામાં આવ્યાં છે. દિલ્હી પોલીસના કમાન્ડો રાયસીના હિલ્સથી લાલ કિલ્લા સુધીના પ્રજાસત્તાક દિવસની પરેડના આઠ કિલોમીટર માર્ગ ઉપર ફરજ બજાવશે.

---

### ૧૯૫૦માં રાષ્ટ્રગીતનો દરજ્જો મળ્યો

# 'જન ગણ મન' લોકોમાં એક નવો જોશ ઉમેરે છે

રાષ્ટ્ર ગીત અને રાષ્ટ્ર ધ્વજ દેશના લોકોમાં એક નવો જોશ અને ઉત્સાહ ઉમેરે છે. દેશના લોકોમાં આના નામથી જ ગર્વનો અનુભવ થાય છે. રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્ર ગીત પ્રેરણાના સોર્સ તરીકે છે. રાષ્ટ્રીય સન્માન માટેનું રાષ્ટ્રીય ગીત જન ગણ મન તમામ ભારતીય લોકોની શાન અને જોશમાં વધારો કરે છે. પ્રજાસત્તાક દિવસના પ્રસંગે આ ગીત વગાડવામાં આવે છે. દુનિયાના ટોચના સર્ચ એન્જિન ગૂગલના જણાવ્યા મુજબ સંયુક્ત રાષ્ટ્રના શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાસ્કૃતિક સાથે જોડાયેલી વૈશ્વિક સંસ્થા યુનેસ્કોએ ગૂગલના માધ્યમથી યુનેસ્કો એન્ડ ઈન્ડિયા નેશનલ એન્થમની સાઈટ પર જન ગણ મનને દુનિયાના શ્રેષ્ઠ રાષ્ટ્રીય ગીત તરીકે ગણાવીને તેના ગુન ગાન કર્યા છે. આર્થિક સામાજીક દ્રષ્ટિએ પણ પરિપૂર્ણ દેખાતા આ રાષ્ટ્રગીતમાં સાંપ્રદાયિક એકતાના દર્શન થાય છે. જન ગણ.રાષ્ટ્રીયતાથી ભરેલા આ ગીતની રચના બંગાળી સાહિત્યકાર અને નોબેલ પુરસ્કાર વિજેતા ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે ડિસેમ્બર ૧૯૧૧માં કરી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કોલકત્તાના વાર્ષિક સંમેલનમાં એટલે કે, ૨૭મી ડિસેમ્બર ૧૯૧૧ના દિવસે આ ગીત રજૂ કરવામાં આવ્યું હતું. રવિન્દ્રનાથ ટાગોરે પોતે આ ગીત અંગ્રેજીમાં બનાવ્યું હતું. 'દ મોર્નિંગ સોન્ગ ઓફ ઈન્ડિયા' ટાઈટલ સાથે ૧૯૧૯માં આ ગીત રજૂ થયું હતું. આના હિન્દી અનુવાદને ૨૪મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે રાષ્ટ્રગીતનો દરજ્જો મળ્યો હતો.

---

# પ્રજાસત્તાક દિનની ઉજવણી ૨૬મી જાન્યુઆરીએ કેમ?

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૫

બંધારણ સભાની પ્રથમ બેઠક સોમવારે ૯મી ડિસેમ્બર ૧૯૪૬ના દિવસે સવારે ૧૧ વાગે શરૂ થઈ હતી જેમાં ૨૧૦ સભ્યો ઉપસ્થિત હતા. ૧૧મી ડિસેમ્બર ૧૯૪૬ના દિવસે બંધારણ સભાની બેઠકમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદને સ્થાયી અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા જે અંત સુધી આ હોદ્દા ઉપર રહ્યા હતા. ૧૩મી ડિસેમ્બર ૧૯૪૬ના દિવસે પંડિત જવાહરલાલ નહેરુએ બંધારણના ઉદ્દેશ્ય સાથે સંબંધિત પ્રસ્તાવ સભામાં રજૂ કર્યો હતો જે ૨૨ જાન્યુઆરી ૧૯૪૭ના દિવસે પસાર કરી દેવામાં આવ્યો હતો. આની કેટલીક બાબતો ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. આમ જણાવવામાં આવ્યું હતું કે ભારત પોતાની રીતે પોતાના કાયદાઓ બનાવશે અને અમલી બનાવશે. ૨૬મી જાન્યુઆરીના દિવસે જ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કેમ કરવામાં આવે છે તેના પાછળ પણ કેટલાક કારણો રહેલા છે. ૨૬મી જાન્યુઆરીને પૂર્ણ સ્વરાજ દિવસ પણ ગણવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે ઉજવણી કરવા માટે ઘણા કારણ છે. દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસને પૂર્ણ સ્વરાજ દિવસ તરીકે ગણવામાં આવે છે. આ દિવસે તમામ સ્વતંત્રતા લડવૈયાઓ પ્રચારમાં જોડાય છે. આ રીતે ૨૬મી જાન્યુઆરી બિન જાહેર રીતે ભારતના સ્વતંત્ર દિવસ તરીકે છે. ૨૫મી નવેમ્બર ૧૯૪૯ના દિવસે દેશના બંધારણને મંજૂરી મળી હતી.

---

### મોટી સંખ્યામાં ઈમારતો ધરાશાયી થઈ ગઈ

# તુર્કીમાં વિનાશકારી ભૂકંપથી ૨૫ના મોત, ઘણા ઈજાગ્રસ્તો

## ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૬.૮ : મોટી સંખ્યામાં લોકો લાપત્તા :બચાવ અને રાહત કાર્ય યુદ્ધના ધોરણે જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

એલાજિગ, તા. ૨૫

૬.૮ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપના કારણે પૂર્વીય તુર્કી હચમચી ઉઠ્યું છે. ભૂકંપના કારણે અનેક મકાનો અને ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા છે. શક્તિશાળી ભૂકંપમાં મોતનો આંકડો હજુ સુધી ૨૫ સુધી પહોંચ્યો છે જ્યારે ઘાયલોની સંખ્યા ૧૦૦૦થી પણ ઉપર હોવાનું જાણવા મળી રહ્યું છે. આજે વહેલી પરોઢે ઈમારતો હેઠળથી જીવિત બચી ગયેલા લોકોને કાઢવાની પ્રક્રિયા પણ ચાલી રહી હતી. ભૂકંપ બાદ ૪૦થી વધુ લોકો હજુ પણ લાપત્તા થયેલા છે. ઘાયલોની સંખ્યા પણ ખુબ મોટી હોવાનું જાણવા મળી રહ્યું છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તુર્કીના પ્રમુખ રજબે કહ્યું છે કે, ભૂકંપથી પ્રભાવિત લોકોની મદદ માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

અમે અમારા લોકોની સાથે છીએ. તુર્કીના ટેલિવિઝન દ્વારા ભયભીત કરી દેનાર ફોટાઓ જારી કરવામાં આવ્યા છે. સ્થાનિક સમય મુજબ રાત્રે ૮.૫૫ મિનિટે ભૂકંપનો આંચકો આવ્યો હતો. સમગ્ર દુનિયામાં ભૂકંપની દ્રષ્ટિએ તુર્કી સંવેદનશીલ વિસ્તારો પૈકી એક છે. સૌથી વધારે લોકોના મોત એલાજિગ પ્રાંતમાં થયા છે. અહીં સેંકડો લોકો ઘાયલ પણ થયા છે. બચાવ અને રાહત કામગીરીમાં તમામ લોકો જોડાયેલા છે. પીડિતોને આશરો આપવા માટે સ્કુલ અને ગેસ્ટ હાઉસોને ખોલી દેવામાં આવ્યા છે. મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, હવે લોકો જીવિત નિકળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ૩૦થી પણ વધુ ઉંચી ઈમારતો તુટી પડી હતી. તુર્કી બે મોટી ફોલ્ટલાઈન પર સ્થિત છે જેથી વારંવાર ભૂકંપ આવતા રહે છે. ૧૯૯૯માં ઉત્તર પશ્ચિમ તુર્કીમાં ભૂકંપમાં ૧૮૦૦૦ લોકોના મોત થયા હતા તે પહેલા એલાજિગમાં ૬ની તીવ્રતાના ભૂકંપથી ૫૦થી વધુ લોકોના મોત થયા હતા.

---

### મોદીની બ્રાઝિલના પ્રમુખ સાથે શિખર બેઠક

# ભારત અને બ્રાઝિલની વચ્ચે ૧૫ સમજૂતિ ઉપર હસ્તાક્ષર

## પ્રતિનિધિસ્તરની મંત્રણામાં વિદેશમંત્રી જયશંકર, રાષ્ટ્રીય સલામતી સલાહકાર દોભાલ ઉપસ્થિત : સંયુક્ત સંબોધન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના પ્રમુખ બોલ્સોનારોની વચ્ચે આજે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત થઈ હતી. આ મંત્રણામાં વિદેશમંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બ્રાઝિલના પ્રમુખ અને મોદીએ બંને દેશો વચ્ચે સંબંધોને વધુ મજબૂત કરવા ઉપર ભાર મુક્યો હતો. બંને સમકક્ષોએ ભારત અને બ્રાઝિલ વચ્ચે થયેલી સમજૂતિના સંદર્ભમાં સંયુક્ત નિવેદન પણ જારી કર્યું હતું. વડાપ્રધાને બ્રાઝિલના પ્રમુખ સાથે વાતચીત બાદ નિવેદન જારી કરતા કહ્યું હતુ કે, અમારા માટે આ ગર્વની બાબત છે કે, પ્રજાસત્તાક દિવસના પ્રસંગે બોલ્સોનારો અમારા મુખ્ય મહેમાન બન્યા છે. એક મિત્રની સાથે ખાસ પ્રસંગ અમે પોતાની ખુશી સાથે વ્યક્ત કરવા ઉત્સુક છીએ. ભારતના નિમંત્રણને સ્વિકાર કરવા બદલ અમે આભાર માની રહ્યા છીએ.

મોદીએ કહ્યું હતુ કે, અમે ભારત અને બ્રાઝિલ વચ્ચે સંબંધોને વધુ મજબૂત કરવા ઉપર સહમત થયા છીએ. અમારા સંબંધો દરેક ક્ષેત્રોમાં મજબૂત રહ્યા છે. ૨૦૨૩માં બંને દેશો વચ્ચે રાજકીય સંબંધોના પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણી થનાર છે. મોદીએ કહ્યું હતુ કે, બંને દેશો વચ્ચે જૈવિક ઉર્જા, પશુધન, આરોગ્ય, પરંપરાગત દવાઓ, સાયબર સિક્યુરિટી, વિજ્ઞાન અને ટેકનોલોજી, તેલ અને ગેસ તથા સાંસ્કૃતિક વિષય પર સમજૂતિ થઈ છે.

મોદીએ કહ્યુ હતું કે, આજે અમે આ બાબતને લઈને સહમત થયા છીએ કે, બંને દેશ બહુસ્તરીય મુદ્દા ઉપર પોતાના સંબંધોને વધુ મજબૂત કરશે. સુરક્ષા પરિષદ, સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં જરૂરી સુધારા માટે મળીને પ્રયાસ કરવામાં આવશે. મોદીએ એમ પણ કહ્યું હતુ કે, અમે સંરક્ષણ ઔદ્યોગિક સહકારને વધારવા માટે પણ ધ્યાન આપી રહ્યા છે. બ્રાઝિલના પ્રમુખે કહ્યું હતું કે, ૧૫ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બંને દેશોના સંબંધ ઐતિહાસિક રહ્યા છે.

---


## કર્ણાવતી મેટ્રો

### આપના લખાણ દ્વારા આપના અવાજને વાચા આપો.....આપે શું કરવાનું રહેશે.

આપની સોસાયટી, આપની પોળ, ચાલી, આપના વિસ્તારોના પ્રશ્નો, સમસ્યાઓ, કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી મોકલવાની રહેશે, આપ આપના નિવેદનો, તંત્રીને પત્રો, ટુંકા લેખો, સમસ્યા અને પ્રશ્નોની છણાવટ કરી રજુઆત સત્વરે મોકલો.

આપના લખાણ કર્ણાવતી મેટ્રો દૈનિકમાં છપાશે. ઓછા શબ્દે ધારદાર કામની કેડી કંડારો, વીજળી, પાણી, રસ્તા, અનાજ, કેરોસીન, જીવન જરૂરિયાતની ચીજવસ્તુના ભાવ, અસામાજિક પ્રવૃત્તિઓ, પ્રદુષણ અને એવી અનેક સમસ્યાઓની ધારદાર રજુઆત કરો. સત્વરે કલમ ઉપાડો....લખો....અને મોકલો.....નગરના કોઈપણ વિસ્તારના નગરજનોને સળગતી સમસ્યાઓ બાબતે જાગૃતિ કેળવવા માટે.

"કર્ણાવતી મેટ્રો દૈનિક" કાર્યાલય ૫૬, કાપડીયા એસ્ટેટ મારકેટ ગોલવાડ, રતનપોળ, અમદાવાદ MO : 8758206371





શ્રી ગોરના કુવાવાળી માં ચેહર

શ્રી ચેહર માતાજીનું મંદિર, ગોરનો કુવો, મણિનગર, અમદાવાદ

માતાજીના ઉપાસક :

માઇ ભક્ત શ્રી રમેશભાઇ ભટ્ટ

દર રવિવારે માઇ ભક્તો મોટી ઉમટી પડે છે.








## શતાક્ષી ફાસ્ટ ફુડ કોર્નર

ઇડલી, મસાલા ઢોસા, ઉત્તપા, વડા પાઉં, પફ, ભાજીપાઉં, પુલાવ, સ્પે. ચાઇનીઝ ઇડલી, તથા ચાઇનીઝની દરેક વસ્તુ તેમજ સ્પે. પંજાબી છોલે ભટુરે મળશે

શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે

૧૮, શ્રીધર એપાર્ટમેન્ટ, હરિપુરા, શાક માર્કેટ પાસે, મણિનગર (પૂર્વ) અમદાવાદ

### રાજકોટમાં પ્રજાસત્તાક પર્વની આજે રાજ્યકક્ષાની ઉજવણી થશે

# છેલ્લા બે દશકમાં યુવાનોને પુરતી તકો પુરી પડાઈ છે : વિજય રૂપાણી

## યુવાનો જોબ સીકર નહીં પણ જોબ ગીવર બને તે અમારો નિર્ધાર છે : યુવાનોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો હજુ જારી : સમૃદ્ધિ માટે નવા આયામ હાથ ધરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં આવતીકાલે ૭૧માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. આને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. રાજ્યમાં તમામ જગ્યાઓ ઉપર ઉજવણી થશે જે પૈકી મુખ્ય ઉજવણી રાજકોટમાં થનાર છે જેને લઈને તમામ તૈયારીઓ કરી લેવાઈ છે. ઉજવણી થાય તે પહેલા જ સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી ચુકી છે. પ્રજાસત્તાક ઉજવણીના એક દિવસ પહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે, ભારત સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે ત્યારે નવા ભારતના નિર્માણ માટે યુવાનો "ડાય ફોર નેશન" નહિ પણ "લિવ ફોર નેશન" માટે સંકલ્પબદ્ધ બને તે આજના સમયની જરૂરિયાત છે. રાષ્ટ્રના ૭૧મા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલ વિશ્વ યુવા સંમેલનને સંબોધતા મુખ્યમંત્રી રૂપાણી ઉમેર્યું કે આજે વિરાટ યુવા શક્તિને દર્શન થઈ રહ્યા છે ત્યારે મને કહેતા ગૌરવ થાય છે કે ભૂતકાળની સરકારોએ યુવાનોની તકો છીનવવાનું કામ કર્યુ હતું અને અમારી સરકારે છેલ્લા બે દાયકામાં શિક્ષણ-સ્વરોજગાર માટે અનેક વિધ ઉચ્ચતકો પૂરી પાડે છે. આજની યુવા પેઢી જે ચોક્કસ દિશા સાથે આગળ વધી રહી છે ત્યારે રાજ્યનો યુવાન 'જોબ સીકર' નહીં પણ 'જોબ ગીવર' બને એ જ અમારો નિર્ધાર છે અને એ અમે પૂર્ણ કરીશુ. રૂપાણીએ ઉમેર્યુ કે, યુવાનોને વધુ સમૃદ્ધ બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારોએ અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતમા મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૧માં ૯ યુનિવર્સિટીઓ હતી તેમની દીર્ઘદ્રષ્ટિ અને સમયબદ્ધ આયોજનના પરિણામે રાજ્યમાં ૭૦ જેટલી સેક્ટોરીયલ યુનિવર્સિટીઓનું આજે નિર્માણ થયું છે. રાજ્યના યુવાનોને સરકારી નોકરીમાં પણ સહભાગી બનાવવા ૧.૫૦ લાખથી વધુ યુવાનોને સરકારી નોકરી આપી છે. બિન અનામત વર્ગના યુવાનો ૧૦% આર્થિક અનામત આપવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે તેનો પ્રથમ અમલ પણ ગુજરાતે કર્યો છે. આ વર્ગના યુવાનોને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના દ્વારા આર્થિક સહાય સહિત શૈક્ષણિક સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુંકે, આજના વિકસીત યુગમાં દુનિયા મુઠીમાં આવી જાય એ માટે યુવાનોએ એક હજાર રૂપિયાના ટોકન દરે નમોટેબલેટ વિતરણ, પીએચડીમાં નવા સંશોધનો માટે પ્રતિ માસ ૧૫,૦૦૦નું સ્ટાઈપેન્ડ સહિતની સુવિધા પૂરી પાડવામાં આવી છે. ત્યારે આજના યુવાનો ટેકનોલોજીના માધ્યમ દ્વારા નવા નવા સંશોધનો થકી ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કરે તે અત્યંત અનિવાર્ય છે. રૂપાણીએ કહ્યું કે, દેશના યુવાનોમાં જે ક્ષમતા છે તેને જાણીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાઓને તકો પૂરી પાડવા માટે સ્કિલ ઈન્ડીયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા જેવા અનેકવિધ આયામો હાથ ધર્યા છે ત્યારે આપ સૌ પણ તેનો મહત્તમ લાભ લઈને ગુજરાતનું નામ રોશન કરશો એવો મને દ્રઢવિશ્વાસ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુંકે, આઝાદીના ૭૦ વર્ષો બાદ આજે વોટબેન્કની રાજનીતિના કારણે દેશમાં એપીઝમેન્ટની રાજનીતિ શરૂ થઈ છે ત્યારે યુવાઓએ ગેરમાર્ગે દોરવાવાની જરૂર નથી. તેમણે કહ્યું કે, વર્ષ૨૦૧૪થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે અનેકવિધ દેશહિતના નિર્ણય કર્યા છે ત્યારે વિપક્ષને એ આંખના કણાની જેમ ખુંચે છે.

કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બની રહે એ માટે વડાપ્રધાન અને ગૃહમંત્રી અમિત શાહએ ૩૭૦ની કલમ દૂર કરી છે. જેના લીધે આવતીકાલે સૌ પ્રથમવાર રાષ્ટ્રનો તિરંગો કાશ્મીરમાં પ્રજાસત્તાક પર્વે ફરકાવવામાં આવશે. ત્યારે આપણું શીશ વધુ ઊંચાઈથી ગર્વ અનુભવે છે. તેમણે કહ્યું કે, સીએએનો નિર્ણયએ કોઈ વ્યકિતની નાગરિકતા છીનવવાનું નહીં પણ વ્યકિતને નાગરિકતા આપવાનો છે ત્યારે વિપક્ષ દ્વારા પણ હોબાળો કરાઈ રહ્યો છે અને નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાય છે તે નિંદનીય છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુંકે, યુવાનોના પ્રેરણાસ્ત્રોત સમાન અનેકવીર ક્રાંતિકારીઓ અને રાષ્ટ્રીય પુરુષોએ હાંસીયામાં ધકેલવાનું કામ ભૂતકાળની સરકારોએ કર્યુ હતું. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલ, વીર સાવરકર, સુભાષચંદ્ર બોઝ, ડૉ.બાબા સાહેબ આંબેડકરને યોગ્ય સન્માન આપ્યું છે એટલું જ નહીં કોંગ્રેસે જેને દેશ વિરોધી ગણાવીને અપપ્રચાર કરી રહી છે તેવા દેશભક્ત વીર સાવરકરને અંગ્રેજોએ આંદમાન નિકોબારની જેલમાં કાળાપાણીની સજા કરી તેને વડાપ્રધાનએ સ્મારક તરીકે જાહેર કરી, સરદાર વલ્લભભાઈપટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણ થકી આ દેશ ભક્તોને યોગ્ય માન-સન્માન આપીને યુવાનોમાં રાષ્ટ્રભકિતની અનેરી ચેતના જગાવી છે ત્યારે આજના યુવાનો પણ આ માટે સંકલ્પબદ્ધ બને તેવો અનુરોધ મુખ્યમંત્રીએ કર્યો હતો. આ કાર્યક્રમમાં અલગ અલગ કોલેજો કે સંસ્થાઓના કુલ ૬૦૦૦ જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યાં હતા. યુવાઓને ધોરણ-૧૦,૧૨ તથા સ્નાતક થયા પછી આગળ કારકિર્દી બનાવવા માર્ગદર્શન મળી રહે તે માટે એન.સી.સી., રોજગાર કચેરી, યુનિવર્સિટીઓ, હેલ્થકેર, આઈટીઆઈ અને એન્જીનીયરીંગની માહિતી આપવા સ્ટોલ અને પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.



સોમનાથ મહાદેવના મંદિરમાં ભગવાન શિવ માટે તિરંગાના સ્વરુપમાં મુગટ તૈયાર કરવામાં આવ્યો છે જે અમદાવાથી સોમનાથ મોકલી દેવામાં આવ્યો છે.

### આયોજનથી સોનામાં સુગંધ ભળી

# રાજકોટમાં પુસ્તક મેળો શરૂ : ભારે ઉત્સુકતા રહી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે ઉત્સાહ ભર્યા માહોલમાં રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે બહુઆયામી પુસ્તકમેળાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પોતાની સંવેદનશીલ અને ઋજુ પ્રકૃતિની પ્રતીતિ કરાવતાં કહ્યું હતું કે રાજકોટ ખાતે થઈ રહેલી રાષ્ટ્રીય પર્વની ઉજવણી અન્વયે પુસ્તક મેળાના આયોજનથી સોનામાં સુગંધ ભળી છે. આ મેળામાં પ્રદર્શિત થનારા વિવિધ પુસ્તકોમાંથી કોઈપણ વર્ગનો વાચક પોતાની રુચિ મુજબનું કશુંક તો પામી જ શકશે, એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટ પણે જણાવ્યું હતું કે, જે લોકશાહીમાં પ્રજા શિક્ષિત હશે, તે પ્રજા જ સમૃદ્ધ લોકશાહીની સર્જક બનવા શક્તિમાન બનશે. આ માટે તેમણે પોતાના શાસક પસંદ કરવાની નાગરિકોની શક્તિના સ્રોત તરીકે પુસ્તકોના મહત્વ પર ભાર મુકયો હતો.

જીવન ઘડતરમાં પુસ્તકોનું પ્રદાન અમૂલ્ય હોવાનો મુખ્યમંત્રી રૂપાણીએ આ પુસ્તક મેળામાં સાનંદ સ્વીકાર કર્યો હતો અને પુસ્તક વાંચનને પરિણામે પોતાના જીવનમાં થયેલા સત્વશીલ પરિવર્તનની ટૂંકીગાથા પણ આલેખી હતી.

### ભાજપના વધુ એક નેતાની નારાજગી સપાટીએ

# ભાવનગરના મ્યુનિ. કમિશનર જીપીસીબી વિરૂદ્ધ ફરિયાદ થઇ

## પૂર્વ ગૃહપ્રધાન મહેન્દ્રભાઈએ કંસારા પ્રોજેકટના સંદર્ભમાં તંત્ર સામે ભારોભાર નારાજગી વ્યક્ત કરી : વિવાદ જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા. ૨૫

રાજ્યમાં વહીવટી તંત્રથી ધારાસભ્યોની નારાજગીનો સીલસીલો શરૂ થયો છે. પહેલા કેતન ઈનામદાર, પછી મધુ શ્રીવાસ્તવ બાદ હવે ભાજપના વધુ એક આગેવાન નેતાની તંત્ર સામે નારાજગી સામે આવી છે. પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ કંસારા પ્રોજેક્ટ અંગે તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી છે. પોતાના કાર્યકાળ સમયે કંસારા શુધ્ધિકરણ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. પરંતુ આ પ્રોજેક્ટમાં આજદિન સુધી કોઈ સંતોષજનક કામ નથી કરાયું. ત્યારે અધિકારીઓની ઢીલી નીતિને કારણે કામ અટક્યું હોવાના આક્ષેપ સાથે તેમણે ભાવનગર મનપા કમિશ્નર અને જીપીસીબી સામે કોર્ટમાં ફરિયાદ નોંધાવી છે. જેને લઈ હવે ભાજપ માટે એક નવો વિવાદ સામે આવ્યો છે. ભાવનગરના વિકાસ માટે જરૂરી કહી શકાય તેવા કંસારા શુધ્ધિકરણ પ્રોજેક્ટનું કામ વર્ષોથી ખોરંભાયેલું છે. આ પ્રોજેક્ટ માટે તેઓએ પોતાના ગ્રાન્ટમાંથી રૂપિયા ફાળવ્યા હતા. અને આ પ્રોજેક્ટ માટે તેઓએ ઘણી મહેનત કરી હતી. ભાવનગરના કમિશનર અને મેયર તથા અધિકારીઓ સામે તેઓએ કામગીરી નહી કર્યાનો આરોપ મૂક્યો છે. પોતાના નારાજગી અંગે મહેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું કે, ૨૦૦૨-૦૩માં અભિયાન શરૂ કરાયું હતું. મારી ગ્રાન્ટના રૂપિયા પાંચ વર્ષ સુધી મેં ફાળવ્યા હતા. ૨૦૦૭માં ટર્મ પૂરી થયા બાદ અનેકવાર મેં આ પ્રોજેક્ટ પૂરો કરવા માટે રજૂઆત કરી હતી. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટનો જન્મ પણ નહોતો થયો, ત્યારે અમલમાં મુકાયેલા કંસારા પ્રોજેક્ટનું કામ નહી થવાનું એક કારણ એ છે કે, આ કામનું યશ મને મળશે તેથી બહાનાથી કામ અટકાવાય છે. પરંતુ મને આ મામલામાં જરા પણ રસ નથી. બ્યુટીફિકેશન માટે દરેક શહેરને રકમ ફાળવવામાં આવી છે. આજી નદી, તાપી નદી, સાબરમતી નદી, વિશ્વામિત્રી નદી પર જો બ્યુટીફિકેશન થઈ રહ્યું છે, તો પછી ભાવનગરમાં કેમ ના થાય. તેમણે કહ્યું કે, આ કામ માટે તંત્ર અને અધિકારીઓ દ્વારા કોઈ પ્રાથમિકતા અપાઈ નથી. આ કામ લાંબા ગાળાના ફાયદા માટે હતું. હાલ વડાપ્રધાને સ્વચ્છતા અભિયાન ઉઠાવ્યું છે, ત્યારે કંસારા નદી શુધ્ધિકરણ સ્વચ્છતાનો પ્રોજેક્ટ હોવા છતાં તંત્રને આ કામની અગત્યતા સમજાતી નથી. કંસારા પ્રોજેક્ટ ભાવનગરનો મહત્વનો પ્રોજેક્ટ ગણાય છે. ભાવનગરમાં આવેલી કંસારા નદીમાં કચરો ઠલવાય છે. ત્યારે આ નદીની ગંદકી સાફ કરીને તેનુ શુધ્ધિકરણ કરતો આ પ્રોજેક્ટ છે. તેમજ નદી પર શુદ્ધ કરી રિવરફ્રન્ટ જેવી સુવિધા ઉભી કરવાનો પ્લાન હતો, પરંતુ હજુ સુધી પ્રોજેક્ટને કોઈ ઓપ આપવામાં નથી આવ્યો. પ્રોજેક્ટનો નક્શો તૈયાર કરાયો હતો, તેની સામે હજી પણ ધ્યાન અપાયુ નથી. આ નદીનુ શુધ્ધિકરણ કરીને રિવરફ્રન્ટ કરાવવાની વાત દરેક ચૂંટણીમાં કરવામાં આવે છે, તેમ છતા વર્ષોથી આ પ્રોજેક્ટ અટકેલો છે.

# વિદ્યાર્થીએ ચાલુ કલાસમાં જ વિદ્યાર્થીનીને ચુંબન કરી લીધુ

## વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીના ચુંબનનો ૩૦ સેકન્ડનો વિડિયો વાયરલ થયા બાદ શિક્ષણજગતમાં ભારે ખળભળાટ મચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા. ૨૫

પંચમહાલ જિલ્લાના મોરવા હડફની કે.એસ.હાઈસ્કૂલના કલાસરૂમમાં એક વિદ્યાર્થીએ વિદ્યાર્થિનીને બાથમાં ભરી લઈ તસતસતુ જોરદાર ચુંબન કરી લેતાં શિક્ષણજગતમાં ખળભળાટ મચી ગયો હતો. વિદ્યાર્થી દ્વારા આ વિદ્યાર્થીનીને ચાલુ કલાસે લાંબુ ચુંબન કરતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં મામલો વધુ ગરમાયો હતો અને તેને લઈ હવે રાજયનું શિક્ષણવિભાગ પણ હરકતમાં આવ્યું હતુ. શિક્ષણવિભાગની તપાસને પગલે હવે શાળાના પ્રિન્સીપાલે પણ સ્ટાફ અને શિક્ષકોને નોટિસ આપી વિદ્યાર્થીઓની આ અશ્લીલ હરકત વિશે ખુલાસો માંગ્યો છે. શિક્ષણ જગતને શરમજનક સ્થિતિમાં મૂકે તેવો વીડિયો પંચમહાલ પથંકમાં વાયરલ થયો છે. પંચમહાલ જિલ્લાના મોરવા હડફની કે.એસ. હાઈસ્કૂલમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીની કલાસરૂમમાં જ અશ્લીલ હરકતો કરતા કેદ થયા હતા. જેનો વીડિયો કોઈએ ઉતારીને વાયરલ કર્યો હતો. આ સમયે કલાસરૂમમાં અન્ય વિદ્યાર્થીનીઓ હાજર હતી. અન્ય વિદ્યાર્થીનીઓ પણ આ ઘટના જોઈને શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગઈ હતી. તેમ છતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીએ ચુંબન કરવાનું બંધ કર્યુ હતુ. આ વીડિયો વાયરલ થતાં પંચમહાલ શિક્ષણ વિભાગમાં હડકંપ મચી ગયો છે. જો કે, સ્કૂલમાં જ્યારે આ ઘટના બની ત્યારે શાળાના શિક્ષકો અને પ્રિન્સિપાલ સહિતનો સ્ટાફ ક્યાં હતો તે સવાલ ઉભો થયો છે. દરમ્યાન મોરવા હડફની કે.એસ. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અશ્વિન પટેલે જણાવ્યું હતુ કે, હું આ ઘટનાને વખોડી કાઢુ છું. અમારી સ્કૂલમાં પહેલી વખત આવી ઘટના બની છે. તા.૨૩ જાન્યુઆરીએ ધો-૧૨ના કલાસમાં રિસેષના સમયે આ ઘટના બની હતી. મેં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને બોલાવ્યા હતા પરંતુ માત્ર એક જ વિદ્યાર્થી આવ્યો હતો. તેમના વાલીઓ આવ્યા ન હતા. તપાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે. મે સ્ટાફ અને શિક્ષકોને નોટીસ આપીને ખુલાસો માંગ્યો છે અને જિલ્લા શિક્ષણાધિકારીએ સ્ટાફ અને સુપરવાઈઝરના નિવેદન લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

### ગુજરાત વિકાસ ક્ષેત્રે અગ્રેસર છે અને રહેશે : રૂપાણી

# રાજકોટમાં હવે ૫૬૫ કરોડના કામોના ખાતમુર્હૂત-લોકાર્પણો

## રાજકોટમાં પ્રજાસત્તાક પર્વ વિકાસોત્સવ બન્યુ : શહેરોને વિશ્વના આધુનિક શહેરોની સમકક્ષ બનાવવાની જાહેરાત

અમદાવાદ,તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજકોટ શહેર માટે પ્રજાસત્તાક પર્વનો રાજ્યકક્ષાનો ઉત્સવ એ વિકાસોત્સવ બન્યો હોવાનું જણાવી ગુજરાતના શહેરો સુવિધાઓથી સજ્જ બની વિશ્વના આધુનિક શહેરોની બરોબરી કરી શકે તેવા બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. રાજકોટ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ રૂડા અને રાજકોટ શહેર પોલીસ તેમજ પીજીવીસીએલ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમોમાં મુખ્યમંત્રીના હસ્તે અંદાજીત રૂપિયા ૫૬૫.૭૬ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સૌનો સાથ સૌનો વિકાસના ધ્યેય મંત્રને ચરિતાર્થ કરવા સરકારે ગુજરાતમાં આરંભેલા સર્વાંગી વિકાસના યજ્ઞનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે ગુજરાતમાં વિકાસના કામો સતત ચાલી રહ્યા છે. રાજ્યના વિકાસ માટે નક્કર યોજનાઓ બનાવી તેના થકી નક્કર કામો આરંભાય અને તે સમય મર્યાદામાં પૂર્ણ થાય એ જ આ સરકારની પ્રાથમિકતા રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આધુનિક રાજકોટના સર્વાંગી વિકાસ માટે સરકાર તત્પયર છે. આ માટે રાજકોટ શહેરની સાથે જિલ્લાભરમાં હાથ ધરાયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે શહેરમાં નવું આધુનિક બસ સ્ટેન્ડ તેમજ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ, નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ તેમજ ઝનાના હોસ્પિટલના આધુનિક ભવનના નિર્માણની સાથે જિલ્લાના વિકાસને વેગ મળે તે માટે ખીરસરા ખાતે અદ્યતન જીઆઈડીસીનું કાર્ય પણ હાથ ધરવામાં આવનાર છે. રાજકોટ શહેરમાં બનતા ગુનાઓ અટકે અને ગુનેગારો ઝડપથી પકડાય તે માટે શહેરને સીસીટીવી કેમેરાથી સજ્જ બનાવવામાં આવ્યું છે. આગામી દિવસોમાં શહેરની ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ થાય તે માટે રાજકોટ શહેરમાં અંદાજિત ૨૫૦ કરોડના ખર્ચે પાંચ નવા ઓવરબ્રિજ બનાવવાની પણ મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાજકોટમાં 'વેસ્ટ ટુ એનર્જી' ના માધ્યમથી કચરામાંથી વીજળી ઉત્પન્ન કરી તેની આવકના નાણાં શહેરના વિકાસમાં વપરાશે. આ તકે પ્રજાના કામો માટે રાજ્ય સરકાર પ્રો-એક્ટિવ બની કાર્ય કરી રહી હોવાનું જણાવી વધુમાં ઉમેર્યુ હતુ કે, દેશ અને દુનિયામાં વિકાસના રોલ મોડેલ તરીકે પ્રસ્થાપિત બનેલા ગુજરાતમાં જ્યાં માનવી ત્યાં સુવિધાના ધ્યેય મંત્ર સાથે લઘુત્તમ સાધનોના મહત્તમ ઉપયોગ થકી આ સરકાર માત્ર વિકાસ અને સુવિધાના લક્ષ તરફ આગળ વધી રહી છે.

### યુવતીના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી

# ઓળખને છુપાવીને યુવતીને ફસાવી યુવક દ્વારા બળાત્કાર

## હિન્દુ નામ ધારણ કરીને હિન્દુ છોકરીઓને ફસાવવવાનો કારસો છે : ભાજપ ધારાસભ્ય શશીકાંત પંડ્યાનો આક્ષેપ

બનાસકાંઠાના ડીસામાં એક વિધર્મ યુવક દ્વારા પોતાની સાચી ઓળખ છુપાવી યુવતી સાથે દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. યુવતીના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી યુવતીને દુષ્કર્મનો ભોગ બનાવી હતી. પીડિત યુવતી તરફથી નોંધાયેલી ફરિયાદ બાદ પોલીસે હવે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, વિધર્મી યુવકે આ યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું. યુવતીના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હતું. ફેસબુકમાં યુવકે પોતાની સાચી ઓળખ છુપાવી નકલી આઈડી બનાવી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી યુવકે યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. આ મામલે ડીસા ઉત્તર પોલીસે ફરીયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિક ધારાસભ્ય સહિત હિન્દુ સંગઠનો પોલીસ મથકે પહોંચ્યા હતા અને પીડિતાને ન્યાય અપાવવાની ઉગ્ર માંગણી ઉચ્ચારી હતી. ડીસામાં વિધર્મી યુવકે ઓળખ છુપાવી યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યાનો મામલો સામે આવ્યા બાદ ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ નિવેદન આપ્યું હતું કે, વિધર્મી યુવકો દ્વારા હિન્દુ નામ ધારણ કરી હિન્દુ છોકરીઓને ફસાવવવાનો કારસો છે. વિધર્મીઓને હિન્દુ છોકરીઓને ફસાવવા ગલ્ફ કન્ટ્રીમાંથી પૈસા મળે છે. છોકરી સાથે મંદિરમાં લઈ જઈ વિધર્મીએ લગ્ન કર્યા, છોકરી સાથે મારઝૂડ કરતા આખરે ફરીયાદ નોંધાઈ છે. વધુમાં તેમણે ચેતવણીભર્યા સૂરમાં જણાવ્યું કે, હિન્દુ સમાજ હવે નહીં જાગે તો પરિસ્થિતિ ખૂબ ખરાબ હશે. હિન્દુ સમાજને માયકાંગલો ના સમજો પરિણામ ખરાબ આવશે. હિન્દુસ્તાનમાં રહેવું હોય ખાવુ હોય તો વફાદાર થઈને રહેવું પડશે. સરકારે ક્યારેય ધર્મ પરિવર્તનને સ્વીકાર્યું નથી. ધારાસભ્યના આ નિવેદનને લઈને પણ ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

### નારાજ લોકોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો

# સુરત : કિશોરીના અપહરણના ૧૭ દિન બાદ ભાળ મળી નહીં

## પરિવારના લોકો સહિત સેંકડો લોકો પોલીસમથકે ઉમટયા વિવાદ વકરતાં પોલીસે પગલા લેવાની હૈયાધારણ આપી

અમદાવાદ,તા. ૨૫

સુરતના વરાછા વિસ્તારની કિશોરીનું ૧૭ દિવસ પહેલાં યુવક દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. જેને લઈને પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ પણ નોંધવવામાં આવી હતી. જોકે, હજુ સુધી કિશોરી મળી નથી અને પોલીસની ધીમી કામગીરીના પગલે પરિવાર સહિત સમાજના લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેના પગલે આજે પરિવાર અને સમાજના લોકો દ્વારા વરાછા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરવામાં આવ્યો હતો.પોલીસ દ્વારા કિશોરીના પરિવારને સમજાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા અને યોગ્ય હૈયાધારણ અપાઈ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, સુરતના વરાછા વિસ્તારમાં આવેલા એલ એચ રોડ અર્ચના સ્કૂલની બાજુમાંથી ગત તા.૮મી જાન્યુઆરીના રોજ ૧૪ વર્ષ અને ૯ માસની કિશોરીનું લગ્નની લાલચે અપહરણ કરવામાં આવ્યું હતું. આ મુદ્દે આરોપી કમલેશ જોધાભાઈ ભાલીયા સામે કિશોરીના પિતાએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે, કિશોરી હજુ સુધી ન મળી આવતા કિશોરીના પિતાએ પોલીસ તપાસ યોગ્ય રીતે ન થતી હોવાના અસંતોષ સાથે પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. કિશોરીના પિતાએ જણાવ્યું હતું કે, આરોપી કમલેશભાઈ જોધાભાઈ ભાલીયા દીકરીને ઉપાડી ગયો તે જ દિવસે પોલીસ ફરિયાદ વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસને આરોપીના બહેનના ઘરેથી મારી દીકરીના ઓળખના પુરાવા પણ મળી આવ્યાં તે તપાસમાં કબ્જે લીધેલા છે. પરંતુ અન્ય કોઈ કાર્યવાહી કરાઈ નથી. તમામના નિવેદનો જ લેવામાં આવેછે. આરોપી અમારી દીકરીને લઈને તેના વતનમાં નાસી ગયો હોય તે અંગે અમે આશંકા દર્શાવી હોય ત્યાં પણ તપાસ કરી નિવેદનો લેવાય છે. અમને રાજકીય દબાણમાં યોગ્ય તપાસ ન થતી હોવાની આશંકાથી કમિશનર કચેરીએ આવેદનપત્ર આપીને અમારી દીકરી નાબાલિક હોઈ ઝડપથી અમને પરત અપાવે તે અંગે રજૂઆત કરવામાં આવી હતી. દરમ્યાન સ્થાનિક એસીપી સી.કે.પટેલે જણાવ્યું હતું કે, વરાછા પોલીસમાં આરોપી કમલેશ ભાલીયા સામે ફરિયાદ નોંધાઈ હતી. આરોપી સુરતમાં ધનશ્યામ નગરમાં મિત્રો સાથે રહેતો હતો. સૌપ્રથમ પોલીસે સુરતના સરનામા પર સ્થળ તપાસ કરી હતી.

Printed, Published, Owner by : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI and Printed at TIRUPATI OFFSET, 3, Bachubhai Dudhwala Building, Opp. Swaminarayan College, Shahalam Tolnaka, Ahmedabad-380022 Published From 131/1561, Dhiraj Housing Society, Haripura, Maninagar (East) Ahmedabad-380008 EDITOR : MANOJ PUNAMCHANDBHAI PRAJAPATI